**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

નં.એકેડેમિક/3306/ ૨૦૨૧ તા.૦૫/૦૨/૨૦૨૧

પરિપત્ર: 2324

સંદર્ભ: કે.સી.જી.ના તા.૨૯/૦૧/૨૦૨૧ ના ઈ-મેઇલ પત્રાંક: કેસીજી/૨૦૨૦-૨૧/૨૬૩૪

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકો કે જેમની પાસે પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવેલ હોય તેવા અધ્યાપકોને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તા.૧૨/૦૨/૨૦૨૧ સુધીમાં જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. જેની લીંક આ સાથે સામેલ છે.

પીએચ.ડી. ગાઈડની માહિતી મોકલવા માટેની ગૂગલ ફોર્મની લીંક: https://bit.ly/39pgFli

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ:
- સંદર્ભ દર્શિત પત્ર

પ્રતિ,
- પીએચ.ડી. ના તમામ માર્ગદર્શક શિક્ષકો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું.

# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


નં. કેસીજી/૨૦૨૦-૨૧/2635 તા.૨૯/૦૧/૨૦૨૧

પ્રતિ,

નોડલ ઓફિસર, શોધ

તમામ યુનિવર્સિટી

ગુજરાત રાજ્ય

**વિષય: શોધ સ્કીમ માટે જરૂરી પીએચ.ડી. ગાઈડની માહિતી મોકલાવવા બાબત**

સ્નેહીશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ"(Scheme of Developing High Quality Education) યોજના શરુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ માસિક હાજરી રીપોર્ટ, પ્રોગ્રેસ રીપોર્ટ અને RDC રીપોર્ટ સમયસર પોર્ટલ પર અપલોડ કરાવના થતા હોય છે તેમજ તે રીપોર્ટ નોડલ ઓફિસર દ્વારા વેરીફાઈ કરવાના હોય છે.

ઉક્ત બાબતે અમુક વિદ્યાર્થીઓ સમયસર રીપોર્ટ અપલોડ કરવામાં ચુકી જતા હોય છે. તેમજ વિદ્યાર્થીઓ પીએચ.ડી.માં રેગ્યુલર હાજર રેહતા નથી, પીએચ.ડી. અધૂરું છોડી દે છે અને અન્ય કારણો વિશે કેસીજીને સમયસર જાણ કરતા નથી. ઉપરાંત તેઓએ સરકારી/ અર્ધસરકારી નોકરી ચાલુ કરી ઉપાર્જન કરતા હોય છે અથવા તો કોઈ અન્ય ફેલોશિપ મેળવતા હોય છે તો પણ તે બાબતે કેસીજીને યોગ્ય સમયે જાણ થતી નથી. આ સંદર્ભે તેમના ગાઈડની માહિતી જરૂરી છે કે જેથી કેસીજી વિદ્યાર્થીઓનું સ્ટેટસ જાણી યોગ્ય પગલા લઇ શકે.

ઉક્ત સંદર્ભે આપની યુનિવર્સિટીના તમામ ડીપાર્ટમેન્ટના પીએચ.ડી. ગાઈડની માહિતી જેવી કે કોન્ટેક્ટ ડીટેઈલ્સ મોકલી આપવા માટે એક ગૂગલ ફોર્મની લીંક આ પત્ર સાથે મોક્લેલ છે જે તમામ યુનિવર્સિટીના સંલગ્ન ડીપાર્ટમેન્ટના પીએચ.ડી. ગાઈડને મોકલી આપવા વિનંતી. આ લીંકમાં તેઓ તા.૧૨/૦૨/૨૦૨૧ સુધીમાં પોતાની માહિતી મોકલી આપે તેવા કડક સૂચનો આપના ધોરણે આપવા. ઉપરોક્ત બાબતે તાત્કાલીક પગલા લેવા વિનંતી.

**પીએચ.ડી. ગાઈડની માહિતી મોકલવા માટેની ગૂગલ ફોર્મની લીંક:** https://bit.ly/39pgFli

આભાર સહ,

૨૯-૧-૨૧

પ્રો.એ.યુ.પટેલ,

એડવાઈઝર, કેસીજી

પૂર્વ કુલપતિ,

ગુજરાત યુનિવર્સિટી